અગત્યનું

પ્રવેશ બાબત

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 2079
શાખાનું નામ: પ્રા(શ)
તારીખ: 29/9/21
સહી:

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/4583-462
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૩/૦૯/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજય.

વિષય:- CBSE માંથી ધોરણ-૧૦ માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-૧૧ (વિ.પ્ર)માં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ:-
૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૦૮૩-૨૧૧૬, તા.૧૧/૦૮/૨૦૨૦
૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૨૨૮-૬૨, તા.૨૧/૦૮/૨૦૨૦
૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૪૧૭૭-૪૨૧૧, તા.૦૨/૦૯/૨૦૨૧
૪) અત્રેની કચેરીનો પત્રક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૧/૪૪૩૧-૬૭ તા.૧૩/૦૯/૨૦૨૧.
૫) તા.૧૫/૦૯/૨૦૨૧ના રોજ મળેલ બોર્ડની કારોબારી સમિતિનો ઠરાવ ક્રમાંક:૧૦૫૮/૨૦૨૧.

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-(૧) દર્શિત અત્રેના પત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જણાવવામાં આવેલ હતું કે CBSE માંથી ધોરણ-૧૦માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-૧૧ (વિ.પ્ર)માં પ્રવેશ આપી શકાશે નહિ. સંદર્ભ-(૨) દર્શિત અત્રેની કચેરીના પત્રથી CBSE માંથી ધોરણ-૧૦માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૧૧ (વિ.પ્ર.)માં 'B' ગૃપમાં પ્રવેશ માટે છૂટ આપવામાં આવેલ હતી.

સંદર્ભ-(૩) દર્શિત અત્રેની કચેરીના પત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પુનઃ જણાવવામાં આવેલ હતું કે CBSE માંથી ધોરણ-૧૦માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-૧૧ (વિ.પ્ર)માં પ્રવેશ આપી શકાશે નહિ.

ઉક્ત બાબત અંગે પુનઃ વિચારણા કરવા માટે વાલીઓ તરફથી મળેલ રજૂઆત અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૪) દર્શિત તા.૧૩/૦૯/૨૦૨૧ના પત્રથી જણાવેલ હતું કે ઉક્ત બાબતે સરકારશ્રી દ્વારા મળેલ મંજૂરી અન્વયે નિર્ણય કરવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓએ CBSE બોર્ડમાંથી ધોરણ-૧૦માંથી Mathematics Basic સાથે પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં અપવાદરૂપ સંજોગોમાં માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ પૂરતું જ ધોરણ-૧૧ (વિ.પ્ર.)માં માત્ર 'B' ગૃપમાં પ્રવેશ મેળવી શકશે. અત્રેના તા.૦૮/૦૯/૨૦૨૧ના પત્રથી જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓને તા.૨૦/૦૯/૨૦૨૧ સુધી જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી શાળામાં પ્રવેશ આપી શકાશે તેમજ ઉક્ત તારીખ સુધીમાં પ્રવેશની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

ઉક્ત બાબતે વાલીઓ તરફથી મળેલ રજૂઆત મુજબ કેટલીક શાળાઓ દ્વારા CBSEના ધો-૧૦ માં Mathematics Basic નો અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં A ગૃપમાં પ્રવેશ આપવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખીને માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે આ અંગે મંજૂરી આપવા માટે વિનંતી કરેલ હતી. જે અન્વયે બોર્ડની કારોબારી સમિતિની તા.૧૫/૦૯/૨૦૨૧ના રોજ મળેલ બેઠકમાં ઠરાવ ક્રમાંક:૧૦૫૮/૨૦૨૧ થી આ અંગે વિચારણા કરીને નીચે મુજબનો નિર્ણય કરવામાં આવેલ છે.

૧. CBSE બોર્ડમાંથી methematics Basic સાથે ધોરણ-૧૦ પાસ કરનાર જે વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ માં A ગ્રુપમાં તા.૧૩/૦૯/૨૦૨૧ પહેલાં પ્રવેશ આપવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ની ગણિત વિષયની પરીક્ષા ઉત્તીર્ણ કરવાની રહેશે. બોર્ડ દ્વારા જુલાઈ-૨૧માં લેવામાં આવેલ પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ આ પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે. આ પરીક્ષા ઉત્તીર્ણ કરે તો જ આવા વિદ્યાર્થીઓનો પ્રવેશ માન્ય રાખવામાં આવશે.

૨. જે શાળાઓ દ્વારા બોર્ડના ઉક્ત પરિપત્રોની જોગવાઈઓને ધ્યાને લીધા સિવાય વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હોય તેવી શાળાના આચાર્યશ્રીએ તેઓના બેંક એકાઉન્ટમાંથી અંગત રીતે વિદ્યાર્થી દીઠ રૂ.૫૦૦૦/- દંડની રકમ બોર્ડમાં સચિવશ્રી, ગુ.મા અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના નામના ડીમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવવાની રહેશે.

૩. ઉપરોક્ત ક્રમ ૧ અને ૨ની બાબત CBSEના વિદ્યાર્થીઓના માત્ર શૈક્ષણિક હિતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે જ અપવાદરૂપ બાબત તરીકે લાગુ પડશે. આ બાબતને ભવિષ્યમાં ઉદાહરણરૂપ તરીકે લઇ શકાશે નહિ.

વિશેષમાં જણાવવાનું કે અત્રેના તા.૧૩/૦૯/૨૦૨૧ના સંદર્ભ-૪ દર્શિત પત્રથી આપના જિલ્લાની જે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા CBSE બોર્ડમાંથી ધોરણ-૧૦માંથી Mathematics Basic સાથે પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ-૧૧ (વિ.પ્ર.)માં તા.૧૩/૦૯/૨૦૨૧ પહેલાં પ્રવેશ આપવામાં આવેલ હોય તેવી શાળાઓની વિગતો અત્રેથી મોકલેલ પત્રકમાં અત્રેની કચેરીને તા.૨૧/૦૯/૨૦૨૧ સુધીમાં બિનચૂક મોકલી આપવા માટે જણાવેલ હતું. ઉક્ત

ચત્રેની
દ્વારા
ંથી
ક

પત્રકમાં સુધારો કરીને નીચે મુજબના પત્રકમાં આપના જિલ્લાની વિગતો આપની કક્ષાએથી અત્રે તા.૩૦/૦૯/૨૦૨૧ સુધીમાં મોકલી આપશો. શાળાઓ દ્વારા સીધે સીધી વિગતો અત્રે મોકલવાની નથી. જેની નોંધ લેશો.

| ક્રમ | શાળાનું નામ | આચાર્યનું નામ અને મોબાઈલ નં. | ધોરણ-૧૧ (વિ.પ્ર.)માં પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓના નામ | | પ્રવેશની તારીખ |
|---|---|---|---|---|---|
| | | | 'A' ગ્રુપ | 'B' ગ્રુપ | |
| ૧. | | | | | |

ઉક્ત બાબતે આપના જિલ્લાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને યોગ્ય કાર્યવાહી માટે જાણ કરશો.

સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને

પરિપત્ર નં. 779

ક્રમાંક:પરીક્ષા/ધો.૧૧(વિ.પ્ર)/પ્રવેશ/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૨૮/૦૯/૨૦૨૧

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ (વિ.પ્ર)
જિ-અમરેલી